ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )
જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર
(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર
(gswan-conn@gujarat.gov.in)
(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ
પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.
**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૨૫૬/૨૦૨૪, તા.૨૪/૦૬/૨૦૨૪
**વિગત :-**

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૪/૦૬/૨૦૨૪ થી તા.૩૦/૦૬/૨૦૨૪** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચ/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય :-**

તા.૨૫/૦૫/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. શ્રી આર.એમ.રાઠોડ વાસંતી ખેરાજ પ્રાથમીક શાળામાં બાળકો તથા કે.બી.જોષી કન્યા શાળા ખાતે બાળકીઓને ટ્રાફિક અવરનેશ તેમજ ડ્રગ્સ અવરનેશ સેમીનાર કરવામાં આવેલ. જેમાં સીટ બેલ્ટ , હેલ્મેટ ,સેલફોન, વાહન ની ઝર્તિ બાબતે વિગેરે ટ્રાફિક ના નિયમોનું પાલન કરવા તેમજ વાહન અકસ્માતે ઈજા પામનાર વ્યક્તિ ને સારવાર માટે હોસ્પિટલમાં જે વ્યક્તિ લઈ જાય મદદ કરે તેને સરકારી ગુડસમરીટન યોજના રોકડ ઈનામ બાબતે વિગતવાર માહિતી આપવામાં આવેલ. આ ઉપરાંત નશીલા પદાર્થોનું સેવન ન કરવા અને નાર્કોટિક્સ ડ્રગ્સ હેલ્પ લાઇન નંબર-૧૯૦૮ તથા સાયબર ફ્રોડ થાય તો સાયબર હેલ્પ લાઇન નં.૧૯૩૦ પર સંપર્ક કરવા સમજ કરી અને ફરીયાદ કરનારની ઓળખ ગુપ્ત રાખવામા આવશે. તેમજ સોસિયલ મીડીયામા કોઇ હેરાન પરેશાન કરેતે અંગે પણ જાણકારી તેમજ મહિલા હેલ્પલાઇન નંબર ૧૮૧ તેમજ મહિલાઓના કાયદાઓની વિગેરે બાબતે કાયદાકીય જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય**

(૧) કમલાબાગ પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. બી-પાર્ટ ૧૧૨૧૮૦૦૯૨૨૦૦૬૦/૨૦૨૨ આર્મ એકટ ક.૨૫(૧-બી) એ-૨૯ GPA ક. ૧૩૫ મુજબ ફરીયાદી હરેશભાઇ રામભાઇ આહિર પો.હેડ.કોન્સ ઉ.વ.૩૭ એલ.સી.બી. પોરબંદર આરોપી નં.૧ નાએ પોતાના કબ્જામાં પેન્ટના નેફામાં ગે.કા. આધાર પરવાના વગર દેશી બનાવટની લોખંડની પીસ્તોલ-૧ (અગ્નિશત્ર) મેગઝીન વાળી કિ.રૂા. ૧૦,૦૦૦/- તથા જીવતા કાર્ટશ નંગ-૨ કી.રૂ. ૨૦૦/- તથા આરોપી નં.૨ નાએ પોતાના કબ્જામાં પેન્ટના નેફામાં ગે.કા. આધાર પરવાના વગર દેશી બનાવટનો તમંચો-૧ (અગ્નિશત્ર) કિ.રૂા. ૨૦૦૦/- નો રાખી સેવરોલેટ કંપનીની ક્રુઝ કાર નં. GJ-06-KD-8529 કી.રૂ. ૪,૦૦,૦૦૦/- મળી કુલ રૂ. ૪,૧૨,૨૦૦/- ના મુદામાલ સાથે ઉપરોકત આરોપી નં.૧ થી ૪ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કીશોર નં.૫ નાઓ જાહેરમાથી મળી આવી જીલ્લા મેજી.સા. પોરબંદરના હથી. બંધી. જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુન્હો કર્યા બાબત. જે બાબતે નાસતા ફરતા સ્કોડના PSI જી.એમ.સોલંકી તથા HC એન.ટી.ભટ્ટ PC વિજય ભીમાભાઇ હાર્બર પો.સ્ટે. તથા PC દેવેન્દસિંહ રણજીતસિંહ કમલાબાગ પો.સ્ટે. તથા PC ભુપેન્દ્રસિંહ દિલાવરસિંહ કીર્તિમંદિર પો.સ્ટે. વાળાઓને ખાનગી રાહે હકીકત મળેલ કે ઉપરોકત ગુનાના કામના આરોપી આગ્રા ઉત્તરપ્રદેશ વાળો હોવાનુ જણાય આવેલ હોય અને આ આરોપી નાસતો ફરતો હોય અને આરોપી સુરેશ વિજયસિંહ ઠાકર ઉ.વ.૩૪ રહે ચિતોરા ફતેહાબાદ આગ્રા ઉત્તરપ્રદેશ વાળા આરોપીઓની આગળની કાર્યવાહી કરેલ છે.

(૨) કીર્તીમંદીર પોલીસ સ્ટેશનના ગુ.ર.નં. પાર્ટ-એ-૧૧૨૧૮૦૦૬૨૪૦૩૫૬/૨૪ આઇ.પી.સી. કલમ-૪૦૬,૪૨૦ મુજબ ફરીયાદી પુષ્પાબેન ડો/ઓ દયાળભાઇ ભીમજીભાઇ મોરબીયા ઉ.વ.૫૫ ધંધો- ઘરકામ રહે. જુરીબાગ શેરીનં.-૮ પોરબંદર મો.નં.૯૯૭૮૭ ૦૧૪૧૪ ફરીયાદીને આરોપીએ કરીયાણાની કીટ અપાવવા બાબતે વિશ્વાસમા લઇફરીયાદીએ પહેરેલ આશરે પોણા તોલાનો સોનાનો ચેઇન કિંમત રૂપીયા ત્રીસહજાર તથા ફરીપાસેના રોકડ રૂપીયા એક હજાર પાંચસો તથા લાવા કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂા પાંચહજાર મળી કુલ રૂા. છત્રીસ હજાર પાંચસો નો સરસામાન થેલીમા મુકાવી તે થેલી ફરીયાદીપાસેથી ચાલાકી થી ફરીયાદીની નજર ચુકવી લઇ જઇ તેમજ ફરીયાદીને બીજી બિસ્કીટ,વેફર ભરેલથેલી આપી ફરીયાદી સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી કિર્તીમંદિર પોલીસ સ્ટેશનના પો.ઇન્સ.શ્રી જે.જે.ચૌધરી સાહેબના માર્ગદર્શન મુજબ કીર્તિમંદિર પોલીસ સ્ટેશનનાં સર્વેલન્સ સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન કિર્તીમંદિર પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.એ ૦૩૫૬/૨૦૨૪ IPC ક.૪૦૬,૪૨૦ મુજબના કામેના ફરીયાદમા જણાવેલ વર્ણનવાળો ઈસમ નેત્રમ સી.સી.ટી.વી.પ્રોજેકટ તથા CEIR પોર્ટલની મદદથી લોકેશન આધારે ચોપાટી ખાતે હોવાની હકીકત આધારે

કિર્તીમંદિર પો.સ્ટે.નો સર્વેલન્સ સ્ટાફ તથા પોરબંદર એલ.સી.બી.ની ટીમ સ્થળપર જઇ ખરાઈ કરતા આરોપી ગંગુ રામભાઇ પવાર, ઉ.વ.૨૫, રહે.મુળ ગામ મહારાષ્ટ્ર પરવંની ગામ હાલ-છેલ્લા ૧૫ વર્ષથી અંકલેશ્વર, શાંતી નગર-૨,ઝુપડપટ્ટી વિસ્તાર, ભરુચ વાળો મળી આવેલ અને મજકૂરના કબ્જામાંથી રોકડ રૂપીયા ૩૦૦૦/- તથા લાવા કંપનીનો મોબાઇલ ફોન તથા સોનાનો ચેઇન નંગ-૨ તથા સોનાના બુટીયા નંગ-૨ મળી આવેલ સદર મુદ્દામાલ બાબતે તેઓ પાસે કોઇ આધાર હોય તો રજુ કરવાનું કહેતા રજૂ કરી શકેલ નહી જેથી યુક્તિ પ્રયુક્તિથી પુછતાં છેવટે તેઓ જણાવે છે કે, રોકડ રૂપીયા રૂપીયા ૧૫૦૦/- તથા લાવા કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ.૫૦૦૦/- નો તથા સોનાનો ચેઇન નંગ-૧ વજન ૬ ગ્રામ ૩૦૦ મી.લી. ગ્રામ કિ.રૂ.૩૦૦૦૦/- નો મુદામાલ પોતે પોરબંદરમાં એક વૃધ્ધ માજીને વિશ્વાસમા લઇ નજર ચુકવી તેની પાસેથી લઇ લીધેલનુ જણાવેલ તેમજ બીજો સોનાનો ચેઇન વજન ૫ ગ્રામ ૯૫૦ મી.લી. ગ્રામ તથા બુટીયા નંગ-૨ નુ વજન ૮ ગ્રામ ૮૦૦ મી.લી.ગ્રામ કિ.રૂ.૮૦૦૦૦/- તથા રોકડ રૂપીયા ૧૫૦૦/- પોતે વેરાવળ ખાતે એક વૃધ્ધ માજીને વિશ્વાસમા લઇ નજર ચુકવી તેની પાસેથી લઇ લીધેલનુ જણાવેલ જેથી ઉપરોક્ત ગુન્હાના કામે ધોરણસર અટક કરેલ તેમજ વેરાવળ સીટી પોલીસ સ્ટેશનને જાણ કરવા આવેલ.આરોપી :- ગંગુ રામભાઇ પવાર, ઉ.વ.૨૫, રહે.મુળ ગામ મહારાષ્ટ્ર પરવંની ગામ હાલ-છેલ્લા ૧૫ વર્ષથી અંકલેશ્વર, શાંતી નગર-૨,ઝુપડપટ્ટી વિસ્તાર, ભરુચપકડાયેલ મુદામાલની વિગત :-(૧) રોકડા રૂપીયા ૩૦૦૦/-(૨) લાવા કંપનીનો મોબાઇલ ફોન IMEI NO355295780480635 તથા 355295780480643 કિ.રૂા.૫,૦૦૦/-(3) સોનાનો ચેઇન નંગ-૧ વજન ૬ ગ્રામ ૩૦૦ મી.લી. ગ્રામ કિ.રૂ.૩૦૦૦૦/-(૪) સોનાનો ચેઇન વજન ૫ ગ્રામ ૯૫૦ મી.લી. ગ્રામ તથા બુટીયા નંગ-૨ નુ વજન ૮ ગ્રામ ૮૦૦ મી.લી.ગ્રામ કિ.રૂ.૮૦૦૦૦/-આરોપીનો ગુનાહીત ઈતીહાસ કડોદરા GIDC સુરત પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૪૦૨૩૨૨૦૫૯૩ IPC ક.૩૭૯(એ) વિ. મુજબ કડોદરા GIDC સુરત પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૪૦૨૩૨૨૦૫૯૭ IPC ક.૩૭૯(એ) વિ. મુજબ શોધી કાઢેલ ગુન્હાઓ(૧) વેરાવળ સીટી પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૨૪૦૬૨૩/૨૦૨૪ IPC ક.૪૦૬વિ. મુજબ નોંધ કરેલ

(3) કીર્તીમંદીર પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.પાર્ટ –બી-૧૧૨૧૮૦૦૬૨૪૦૪૦૭/૨૦૨૪૨૦૨૪ એન.ડી.પી.એસ. એકટ-૧૯૮૫ ની કલમ ૮(સી), ૨૦(બી),(૨),(એ) મુજબ આરોપીએ પોતાના કબ્જાવાળા એક્સેસ મોપેડ નં.GJ 25 AE 0721 ની ડેકીમા ગે.કા. વગરપાસપરમીટેમાદકપદાર્થસુકાપાંદડા, ડાળખાબીવાળોવનસ્પતિજન્યગાંજોવજન-૫૨૦ગ્રામકિ.રૂા.૫૨૦૦/- નોરાખી તેમજ સદર ગાંજો પોતાના એક્સેસ મોપેડ રજી. નં.GJ 25 AE 0721ની ડેકીમા રાખેલ જે મોપેડની કિ.રૂ.૨૫૦૦૦/-મળી કુલ મુદ્દામાલ કિ.રૂ.૩૦૨૦૦/-ના મુદ્દામાલ સાથે રેઇડ દરમ્યાન મળી આવતા. જે બાબતે કીર્તિમંદિર પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સ્પેકટરશ્રી જે.જે.ચૌધરીની રાહબરી હેઠળ પો.હેડ કોન્સ. સલીમભાઇ પઠાણ તથા પો.કોન્સ. હોથીભાઇ મોઢવાડીયાને ચોક્કસ બાતમી મળેલ કેમીત ઇશ્વરભાઈ મઢવી રહે.કડીયા પ્લોટ નટવર ઓઇલ મીલની પાસે પોરબંદર વાળો પોતાના એકસેસ મોપેડ મો.સા.નં. GJ 25 AE 0721 ની ડેકીમા સૂકા ગાંજાનો જથ્થો રાખી માણેક ચોકમા છુટક માણસોને ગાંજાની પડીકીઓનુ વેચાણ કરે છે તેવી હકિકત મળતા સદરહું જગ્યાએ રેઇડ કરતા આરોપીને પોતાના કબ્જાવાળા એક્સેસ મોપેડ નં.GJ25 AE 0721 ની ડેકીમાં માદક પદાર્થ સુકા પાંદડા, ડાળખા બી વાળો વનસ્પતિજન્ય ગાંજો વજન-૫૨૦ ગ્રામ કિં.રૂા.૫૨૦૦/- નો રાખી તેમજ સદર ગાંજો પોતાના એક્સેસ મોપેડ રજી. નં.GJ 25 AE 0721 ની ડેકીમા રાખેલ જે મોપેડની કિ.રૂ.૨૫૦૦૦/- મળી કુલ મુદ્દામાલ કિ.રૂ.૩૦૨૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી મજકુર ઇસમ વિરૂધ્ધ NDPS ACT-1985 ની ક.8(C),20(B)(ii)(a)મુજબનો ગુન્હો કીર્તિમંદિર પોલીસ સ્ટેશન ખાતે રજીસ્ટર કરેલ છે.પોકેટ કોપ/ઇગુજકોપથી કરેલ તપાસઃ-આ કામે પકડાયેલ આરોપીની પોકેટ કોપ/ઇ-ગુજકોપમાં તપાસ કરવામાં આવેલ છે મજકુર આરોપીતથા તેમની પાસેથી કબ્જે કરેલ મુદ્દામાલની વિગત માદક પદાર્થ સુકા પાંદડા, ડાળખા બી વાળો વનસ્પતિજન્ય ગાંજો વજન-૫૨૦ ગ્રામ કિં.રૂા.૫૨૦૦/-એકસેસ મોપેડ નં.GJ 25 AE 0721 કિ.રૂ.૨૫૦૦૦/-.આરોપીનુ નામ- (૧)મીત ઇશ્વરભાઇ મઢવી ઉ.વ.૨૨ ધંધો-મજુરી રહે.કડીયા પ્લોટ નટવર ઓઇલ મીલની પાસે પોરબંદર

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) તા.૨૪/૦૬/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન અધિ./કર્મચારીઓ દ્વારા સ્કૂલ/કોલેજ/તેમજ વાડીપ્લોટ /ચોપાટી વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનો ની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને ૧૮૧ હેલ્પ લાઇન બાબતે માહિતી આપી.તા.૨૫/૦૬/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન અધિ./કર્મચારીઓ દ્વારા સુદામાચોક /બંગડી બાજાર /ચોપાટી/શાકમાર્કેટ/ભીડભાડ વાળા વિસ્તારમા ફુટપેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.તા.૨૬/૦૬/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન અધિ./કર્મચારીઓ દ્વારા ચોપાટી/સ્કુલ કોલેજ વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.તા.૨૭/૦૬/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન અધિ./કર્મચારીઓ દ્વારા ચોપાટી વિસ્તારમા ભીડભાડવાળી જાગ્યાઓએ/સ્કુલ કોલેજ વિસ્તારમા શી ટીમની કામગીરી કરેલ. જેમા માહિલાઓને મહિલા જાગ્રુતીકરણ અંગે, ૧૮૧ હેલ્પ લાઇન બાબતે, તેમજ ઈ-એફ.આઇ.આર અંગેની માહિતી આપી. તા.૨૮/૦૬/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન અધિ./કર્મચારીઓ દ્વારા

સ્કૂલ/કોલેજ/તેમજ વાડી પ્લોટ /ચોપાટી વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી. તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને ૧૮૧ હેલ્પ લાઇન બાબતે માહિતી આપી.તા.૨૯/૦૬/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન અધિ./કર્મચારીઓ દ્વારા ચોપાટી/સ્કુલ કોલેજ વિસ્તારમા ફુટપેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે તા.૩૦/૦૬/૨૦૨૪ ના રોજ પોલીસ સ્ટેશન અધિ./કર્મચારીઓ દ્વારા સુદામાચોક /બંગડી બાજાર /ચોપાટી/શાક્માર્કેટ/ભીડભાડ વાળા વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ મહીલાઓને શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

(૧) તા.૨૫/૦૬/૨૦૨૪ ના રોજ હાર્બર મરીન પો.સ્ટે. ના અધિકારી /કર્મચારીઓ દ્વારા લોકોને વ્યાજખોરો વીરોધી લોકદરબારનુ આયોજનમ કરી સુભાષ્નગર હનુમાન ચોક ખાતે પો.સ્ટે. વિસ્તારના લોકોને કોઈ વ્યાજ ખોરાના ચુંગલમા; ફસાયા હોય કે હેરાનગતી થતી હોય તે બાબતે સામે આવી તેવા વ્યાજખોરી કરતા લોકો વિરૂધ્ધમાં ફરીયાદ કરવા સામે આવવા સમજ કરી. બાદ માચ્છીમારી કરતા માચ્છીમારોને માચ્છીમારી દરમ્યાન નાર્કોટીક્સ કે આંતકવાદી કોઇ શંકાસ્પદ હીલચાલ જણાય આવે તો ત;ત્રના આ;ખ કાન બની દેશ વિરોધી પ્રવૃતી પોલીસના ધ્યાને મુકવા અને તરત જાણ કરવા તથા માચ્છીમારી કરતી વખતે સુરક્ષાના ધ્યાનમાં રાખવાના મુદ્દાઓની સમજ કરી અવરનેશ કાર્યક્રમ કરવામાં આવેલ.

(૨) તા.૩૦/૦૬/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન પોરબંદરના શી ટીમના ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી કે. એમ.સૈયદ તથા પી.એસ.આઈ.શ્રી એ.સી. નિમાવત દ્વારા ખીજડી પ્લોટમાં જઇ ને સી ટીમની કામગીરી કરેલ જેમા મહિલાઓને કોઇ પણ અજાણી વેબસાઇટ ખોલીને તેની કોઇ લિંકમાં ઇન્વેસ્ટ માટેની લોભામણી જાહેરાતોમાં આવવું નહિ ઘરેલુ હિંસા, છેડતી સાઈબર ગુન્હાઓ માટે (૧૯૩૦) નંબર કઈ રીતે ઉપયોગી પોલીસ તથા ૧૮૧ હેલ્પલાઈન કઈ રીતે મદદરૂપ થાય તેના વિશે માહિતગાર કર્યા જેમા મહિલાએ માંગેલી મદદમાં તેમનુ નામ ગૃપ્ત રાખવામા આવે તથા પોલીસ પ્રજાનો મિત્ર છે જેથી બીના સંકોચ વગર મદદ માંગી શકો તેવુ સમજાવેલ. તેમજ નિરાધાર મહિલાઓની મદદ માટે પણ ૧૦૦ નંબર તથા ૧૮૧ માં ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય તે વિશે જરૂરી માર્ગદર્શન આપેલ અને ભ્રુણહત્યા બાબતે યોગ્ય માર્ગદર્શન આપેલ..

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર